GJAH221470702021

આવ્યા તારીખ	૨૦૨૧	૧૦	૨૨
દાખલ તારીખ	૨૦૨૧	૧૦	૨૨
ફેસલ તારીખ	૨૦૨૫	૧૦	૦૧
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૧	**૧૧**	**૧૦**

અમદાવાદના મહે.૩૭ માં, એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એચ.ટી.ધોળકીયાશ્રીની
ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ સમક્ષ (કોર્ટ નં.૨૯)
ક્રિમીનલ કેસ નં.૧૩૭૬૬૫/૨૦૨૧
આંક–૨૫

(ફોર્મ–એ)

ફરિયાદી	**:–**	**અરમાન ફાયનાન્સીયલ સર્વિસીસ લિ. વતી તેના અધિકૃત અધિકારી, મિતેષભાઈ દિનેશચન્દ્ર પરીખ,** ઉ.વ.આ.૪૮, ધંધો:–નોકરી, ધર્મે:–હિન્દુ, ઠે.૫૦૧–૫૦૪, સાકાર–૩, જુની હાઈકોર્ટ સામે, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૪ **રોહિત બી. વ્યાસ (નવા અધિકૃત અધિકારી),**
ફરિયાદપક્ષ તરફે	**:–**	વિ.વ.શ્રી. આર.જે.પટેલ.
		વિરૂધ્ધ
આરોપી	**:–**	**દક્ષેપકુમાર દેવદત્તભાઈ ત્રિવેદી,** ઉ.વ.પુખ્ત, ધર્મે–હિન્દુ, ઠે.રામજી મંદીર ફળિયું, રાજપુર દરવાજા રોડ પાસે, બાલાસિનોર જિ.આણંદ
આરોપી તરફે	**:–**	વિ.વ.શ્રી. એસ.ટી.ત્રિવેદી.
ગુનો	**:–**	**ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબની ફરિયાદ**

(ફોર્મ–બી)

ગુન્હાની તારીખ	:–	૨૨/૧૦/૨૦૨૧
પ્રથમ બાતમી અહેવાલની તારીખ	:–	–
આખરી અહેવાલ / ફરિયાદ રજુ થયા તારીખ	:–	૨૨/૧૦/૨૦૨૧
પ્લી લીધા તારીખ	:–	૨૪/૦૬/૨૦૨૨
પુરાવા શરૂ કર્યા તારીખ	:–	૨૨/૦૭/૨૦૨૨
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	:–	૧૫/૦૭/૨૦૨૫
ચુકાદાની તારીખ	:–	૦૧/૧૦/૨૦૨૫
આખરી હુકમ	:–	આરોપીને તકસીરવાન ઠરાવેલ છે.

:: આરોપીની વિગતો ::

આરોપી નંબર	૧
આરોપીનું નામ	દક્ષેપકુમાર દેવદત્તભાઈ ત્રિવેદી
આક્ષેપાયેલ ગુનાની વિગત	પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ
શું નિર્દોષ છોડયા / સજા કરી	સજા કરી
આપવામાં આવેલ સજા	એક (૦૧) વર્ષની સાદી કેદ તથા વળતર
ફો.કા.સં.કલમ–૪૨૮ અન્વયે ઈ.કા.ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો	–

સાક્ષીઓનો પુરાવો :–

(અ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો:–

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
૦૧	૦૨	મિતેષભાઈ દિનેશચન્દ્ર પરીખનાઓની સોગંદપરની જુબાની	ફરિયાદી

(બ) આરોપીપક્ષ તરફે મૌખિક પુરાવો:– (જો હોય તો)

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
–	–	–	–

(ક) અદાલતના સાક્ષી, જો હોય તો:–

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
–	–	–	–

ફરિયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતના દસ્તાવેજોના આંકની યાદી :–

(અ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–

ક્રમ	આંક	પુરાવાનું વર્ણન
૧	૧૦	ઠરાવની નકલ
૨	૧૧	કંપની રજી. સર્ટીફિકેટની કોપી
૩	૧૨	લોન એગ્રીમેન્ટની કોપી
૪	૧૩	આરોપીનું લેજર એકાઉન્ટ
૫	૧૪	મેન્ડેટ ફોર્મની કોપી
૬	૧૫	મેન્ડેટ ફોર્મની કોપી
૭	૧૬	અસલ રીટર્ન મેમો
૮	૧૭	અસલ રીટર્ન મેમો
૯	૧૮	આરોપીને આપેલ નોટીસની ઓફિસ કોપી
૧૦	૧૯	આરોપીને નોટીસ રજી.એડી. કર્યા અંગેની અસલ પાવતી
૧૧	૨૦	આરોપીને નોટીસ બજી ગયા અંગેની અસલ એકનોલેજમેન્ટ
૧૨	૨૧	આરોપીને નોટીસ બજી ગયા અંગેનો ટ્રેકીંગ રીપોર્ટ

(બ) આરોપીપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–

ક્રમ	આંક	પુરાવાનું વર્ણન
–	–	–

(ક) અદાલતના સાક્ષી, જો હોય તો:–

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
–	–	–	–

(ડ) સામગ્રીની વસ્તુઓ:–

ક્રમ	આંક	પુરાવાનું વર્ણન
–	–	–

-: ચુકાદો :-

---

(૧) ફરિયાદી કંપની અરમાન ફાયનાન્સીઅલ સર્વિસીસ લિ. એ કંપની એકટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે અને તેની રજી. ઓફીસ આશ્રમ રોડ ખાતે આવેલ છે તેમજ ફરિયાદી અરમાન ફાયનાન્સીયલ સર્વિસીસ લિ. ના નામથી ફાયનાન્સ તેમજ લોન ધીરવાનું કામકાજ કરે છે. આરોપીએ ફરિયાદી કંપની પાસેથી લોન મેળવેલ હોવાથી ફરિયાદી આરોપીને સારી રીતે ઓળખે છે. સદર કામે મૂળ ફરિયાદી કંપનીના ડાયરેકટર્સ દ્વારા તા.૦૭/૧૦/૨૦૨૦ ના રોજ એક ઠરાવથી ઓથોરીટી આપેલ, જે ઠરાવના આધારે ફરિયાદીએ હાલની ફરિયાદ દાખલ કરેલ છે. વધુમાં આરોપી સાથે મુળ ફરિયાદી કંપનીએ કરેલ તમામ વ્યવહારોથી ફરિયાદી માહિતગાર છે. આરોપીએ તેમની જરૂરિયાત મુજબ હોન્ડા એકટીવા ફાઈવ જી લેવા માટે આરોપી તથા ફરિયાદી કંપની વચ્ચે કાયદેસરના લોન એકાઉન્ટ નં.૧૨૭૮૫૩ થી કરાર કરી લોન મેળવેલ. લોન એગ્રીમેન્ટમાં જણાવેલ પેમેન્ટના શિડયુલ મુજબ આરોપીએ લોનની રકમ પરત ચુકવવાની જવાબદારી સ્વીકારેલ હતી. ત્યારબાદ લોનની શરતો અને નિયમો મુજબ આરોપી ફરિયાદી કંપની સાથે લોન એકાઉન્ટની તમામ ખર્ચા સહિતની બાકી રહેતી રકમની ચુકવણી કરવા સંમત થયેલ અને એન.એ.સી.એચ.નો વિકલ્પ પસંદ કરેલ અને તે મુજબ લોન/ધીરાણની બાકી રહેતી રકમ ચુકવી આપવા માટે આરોપીએ તેઓનો બેંક એકાઉન્ટ નં.૧૦/૦૮૮૩૦૧૦૦૧૩૯૧૩ નો ફરિયાદી કંપનીને નેશનલ ઓટોમેટેડ કલીયરીંગ હાઉસના ફોર્મમાં સહી કરીને એન.એ.સી.એચ. નો વિકલ્પ પસંદ કરેલ. ત્યારબાદ આરોપી નિયમિત રીતે હપ્તા ન ભરતા ફરિયાદી કંપનીએ આરોપીની પાસે તેમની લેણી રકમ, લેટ પેમેન્ટ, પેનલ્ટી, ઉઘરાણી ચાર્જ તથા અન્ય ચાર્જ સહિતની લોનની બાકી નીકળતી રકમ રૂા.૭૨,૧૩૪/- પુરાની માંગણી કરતાં આરોપીએ તે રકમની જવાબદારી પેટે તેમની બેંક-બેંક ઓફ બરોડાના માયકર નં.૩૮૮૦૧૨૧૨૧ થી તેમના લોન

એકાઉન્ટ ખાતે તેમના બેંક એકાઉન્ટ નંબર–૧૦/૦૮૮૩૦૧૦૦૧૩૯૧૩ માંથી મૂળ ફરિયાદી કંપનીના એકાઉન્ટમાં તે રકમ જમા કરાવવા માટેની સુચના તેમના દ્વારા તેમની બેંકને આપવામાં આવેલ. વધુમાં આરોપીએ ફરિયાદી કંપનીને બેંકમાં પુરતા બેલેન્સ જાળવણી કરશે તેમજ લોનની બાકી નીકળતી રકમ ફરિયાદી કંપનીના બેંક ખાતામાં સમયસર જમા કરાવશે તેવી ખાતરી અને ભરોસો આપેલ.

(૧.૧) ત્યારબાદ નેશનલ ઓટોમેટેડ કલીયરીંગ હાઉસ (એન.એ.સી.એચ) મુજબ બાકી નીકળતી રકમ રૂા.૭૨,૧૩૪/– ના બે ફોર્મ સદર સિસ્ટમથી ફરિયાદી કંપનીએ તેઓની બેંક આઈ.સી.આઈ.સી.આઈ બેંક લિ., જે.એમ.સી. શાખામાં જમા કરાવતા ''બેલેન્સ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે અનુક્રમે તા.૨૧/૦૯/૨૦૨૧ તથા તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ પરત ફરેલ. જેથી ફરિયાદીએ કંપનીએ તા.૨૮/૦૯/૨૦૨૧ ના રોજ રજી.એડી થી કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલી જે નોટીસ તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી, ફરિયાદીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ (**કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં ''અધિનિયમ'' તરીકે સંબોધવામાં આવેલ છે.**) મુજબની ફરિયાદ દાખલ કરેલ છે. જે ફરિયાદ સાથે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

કોર્ટ કાર્યવાહી :–

(૨) આરોપી સામે રજુ થયેલ ફરિયાદ તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરેલ છે. જે આરોપીને ધોરણસર બજવણી થતાં આરોપી તેઓના વિધ્વાન વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ અને તેઓને ફરિયાદ તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા મળ્યા અંગે ખાતરી કરવામાં આવેલ છે અને આરોપી સામે આક્ષેપિત ગુના અંગે ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૧ અન્વયે આંક–૦૬ થી જવાબ રેકર્ડ કરવામાં આવેલ. જેમાં તેઓ સામે મુકવામાં આવેલ આક્ષેપોનો ઈનકાર કરેલ અને કેસની ઈન્સાફી કાર્યવાહીની

માંગણી કરેલ. હાલના કામે ફરિયાદી ધ્વારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન :–

(૩) આ સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક–૦૮ થી પુરાવાબંધની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ સંહિતાની કલમ ૩૧૩ અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના ***મનોજ વાસુદેવ સોમપુરા વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો R/SCR.A/6721/2023*** માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપીને તેઓની સામે ચાલતાં કેસની તમામ જાણકારી હોય તેમ છતાં હાજર રહેતાં ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી અને આરોપીની ગેરહાજરીમાં આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પક્ષકારો તરફેની દલીલો :–

(૪) હાલના કામે ફરિયાદી તરફે વિ.વ.શ્રી. ધ્વારા મૌખિક દલીલો કરેલ છે, તેનું પુનરાવર્તન ટાળવાં પુરાવાના પૃથકકરણમાં વણી લેવામાં આવેલ છે તથા આરોપી તરફે દલીલો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, સમગ્ર પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં, હાલના કેસના આખરી ન્યાયીક નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

આરોપી વિરૂધ્ધનું તહોમત / મુદ્દાઓ :–

(૫) ફરિયાદી ધ્વારા રજુ થયેલ તમામ હકીકતો સમગ્ર પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં, હાલના કેસના આખરી ન્યાયીક નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–: મુદ્દાઓ :–

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદી કંપની માંથી મેળવેલ લોનની સુવિધાની ચુકવણી ઈ.સી.એસ./એન.એ.સી.એચ./એસ.આઈ માધ્યમ ધ્વારા ચુકવવા માટે વિકલ્પ પસંદ કરેલ અને તે મુજબ તેઓની બેંકને

સૂચના આપેલ હતી. જેની બાકી લેણી રકમ માટે ફરિયાદીએ રજુ કરેલ રકમ રૂા.૭૨,૧૩૪/– ના બે ફોર્મ સદર સિસ્ટમથી ફરિયાદી કંપનીએ તેઓની બેંક આઈ.સી.આઈ.સી.આઈ બેંક લિ., જે.એમ.સી. શાખામાં જમા કરાવતાં ''બેલેન્સ ઈનસફીશીયન્ટ'' ના કારણે પરત થયેલ અને તે અંગે ફરિયાદીને જાણ થતાં ફરિયાદી દ્વારા તે રકમની માંગણી કરતી નોટીસ આપેલ હતી. જે નોટીસ આરોપીને મળી ગયેલ હોવા છતાં લેણી રકમ ચુકવી આપેલ નહીં અને તેમ કરી આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં

મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ

// નિર્ણય માટેના કારણો //

મુદ્દા નં.૧ અને ૨ ની સંયુકત ચર્ચા:–

(૭) અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે, ''અધિનિયમ'' ની જોગવાઈઓ દેશમાં નાણાંની ચુકવણીની પ્રણાલીઓને નિયમન કરવા અને તે પર દેખરેખ રાખવાના હેતુથી બનાવવામાં આવેલ છે. વધુમાં કાયદો ઘડવા માટેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં થતી નાણાંકીય ચુકવણીઓ પર દેખરેખનો છે અને તે બાબતો તકારારો માટે ભારતીય રિઝર્વ બેંકને ડેઝીગ્નેટેડ ઓથોરીટી તરીકે નિયુકત કરવામાં આવેલ છે. વધુમાં આ કાયદો ક્રેડીટ સંબંધી ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાનો છે. ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ ''અધિનિયમ'' ની કલમ–૨૫ અન્વયે દાખલ કરેલ છે. ત્યારે આ તબકકે સદરહું જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

SECTION 25 : Dishonour of electronic funds transfer for insufficiency, etc., of funds in the account

(1) Where an electronic funds transfer initiated by a person from

an account maintained by him cannot be executed on the ground that the amount of money standing to the credit of that account is insufficient to honour the transfer instruction or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both :

Provided that nothing contained in this section shall apply unless -

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt or other liability;

(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued by the system provider;

(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic funds transfer within thirty days of the receipt of information by him from the bank concerned regarding the dishonour of the electronic funds transfer; and

(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

(2) It shall be presumed, unless the contrary is proved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.

(3) It shall not be a defence in a prosecution for an offence under sub-section (1) that the person, who initiated the electronic funds transfer through an instruction, authorisation, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorisation, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

(4) The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

(5) The provisions of Chapter XVII of the Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the dishonour of electronic funds transfer to the extent the circumstances admit.

Explanation.- For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability, as the case may be.

ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં કલમ–૨૫(૫) મુજબ ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટના પ્રકરણ–૧૭ ની જોગવાઈઓ રીટર્ન થયેલ ઈલેકટ્રોનીકસ ફંડસ ટ્રાન્સફરને લાગુ પડશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં સદરહું કાયદાની કલમ–૨૫(૨) માં જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ઈલેકટ્રોનીક ફંડસ ટ્રાન્સફર કોઈ કાયદેસરનું દેવું અથવા જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવા જણાવેલ છે. સદરહું કાયદાકીય જોગવાઈ મુજબનું અનુમાન ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ કરવામાં આવતાં અનુમાન શબ્દશ: જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેના અનુમાન અંગે

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ***Rohitbhai Jivanlal Patel Vs. State Of Gujarat and anr. 2019 INSC 393 = [2019] 5 S.C.R. 417*** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો આરોપીએ શકયતાની પ્રબળતા અન્વયેની હકીકતો રેકર્ડ પર લાવવી જરૂરી છે કે, જેનાથી કહેવાતો વ્યવહાર અસ્તિત્વમાં ન હોવાની તેમજ સામાન્ય માણસ જે–તે સંજોગોમાં વ્યવહારોનું અસ્તિત્વ ન હોવાની હકીકત માને તેવી હકીકત આરોપીએ રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. વધુમાં ફરિયાદપક્ષે કેસની હકીકતોનો માત્ર ઈનકાર કરવાથી બચાવપક્ષ ઉપર રહેલ પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકાતી નથી તેમ ઠરાવેલ છે. વધુમાં આરોપી દ્વારા ચેક ઉપરની સહીનો સ્વીકાર કરવામાં આવે તે સમયે ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનું અનુમાન અમલમાં આવે અને આરોપી દ્વારા ચેક એ કાયદેસરનું દેવું કે જવાબદારી પેટે આપેલ નથી તે પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે તેવું નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ***Rangappa Vs. Shri Mohan, AIR 2010 INSC 289 = [2010] 6 S.C.R. 507*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. સદરહું પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાથી આરોપી પોતાના પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકે છે કે કેમ? તે નકકી કરવું જરૂરી છે.

(૮) હવે, પ્રસ્તુત કામે ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરી દાખલ કરવામાં આવેલ છે કે નહિ તે અંગે જોવામાં આવે તો ફરિયાદીએ આંક–૧૨ થી આરોપીએ હોન્ડા એકટીવા ફાઈવ જી મેળવવા માટે ફરિયાદી કંપની સાથે કરેલ લોન એગ્રીમેન્ટની ફરિયાદી બેન્કની સહી–સિકકા વાળી પ્રમાણિત નકલ રજુ કરેલ છે, જેમાં સહી કરીને ફરિયાદી કંપનીને ઓથોરીટી આપેલ છે જેમાં આરોપીની સહી છે. જે ફરિયાદી બેન્કની તરફેણમાં છે અને તેમાં આરોપીની સહી ન હોવા બાબતે કે તેઓ દ્વારા ફરિયાદી બેન્કને ઓથોરીટી આપવામાં આવેલ નથી તે બાબતે આરોપી દ્વારા કોઈ તકરાર લેવામાં આવેલ નથી. જેથી રજુ થયેલ પુરાવા આધારે ફરિયાદી દ્વારા કાયદાની કલમ–૨૫(૧)(એ) મુજબ ફરિયાદીની તરફેણમાં ઓથોરીટી ઈસ્યુ થયેલ હોવાનું ફલિત થાય છે.

હાલના કામે ફરિયાદી ધ્વારા સિકયુરીટી પેટે મેન્ડેન્ટના આધારે આરોપી પાસે બાકી લેણી રકમ માટે તે રજુ કરતાં અનુક્રમે તા.૨૧/૦૯/૨૦૨૧ તથા તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ આરોપીના ખાતામાંથી ''બેલેન્સ ઈનસફીશીયન્ટ'' ના કારણે તેવું મેન્ડેન્ટ રીટર્ન થયેલ છે. જે અંગે બેંક ધ્વારા આપેલ રીટર્ન મેમો અસલ આંક-૧૬ તથા ૧૭ થી રજુ કરેલ છે. જે બાદ ફરિયાદી ધ્વારા સદરહું ઈલેકટ્રોનીક મેન્ડેન્ટની રકમની માંગણી કરતી નોટીસ કાયદાની કલમ-૨૫(૧)(સી) મુજબ તા.૨૮/૦૯/૨૦૨૧ ના રોજ આરોપીને આપેલ છે. જે નોટીસની ઓફિસ કોપી આંક-૧૮ થી રજુ કરેલ છે તથા નોટીસ રજી.એડી.કર્યા અંગેની પાવતી આંક-૧૯ થી રજુ છે. જે વંચાણે લેતાં ''મેન્ડેટ ફોર્મ'' રીટર્ન થયાના દિન-૩૦ માં આરોપી પાસે લેણી રકમની માંગણી કરવામાં આવેલ છે અને તેમ કરી ફરિયાદીએ કાયદાની કલમ-૨૫(૧)(સી) નું પાલન કરેલ છે. જે નોટીસ આરોપીને તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છે તથા ફરિયાદી ધ્વારા નોટીસ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ આંક-૨૦ તથા નોટીસ બજી ગયા અંગેનો ટ્રેકીંગ રીપોર્ટ આંક-૨૧ થી રજુ કરેલ છે. જે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આરોપીને નોટીસ મળ્યા બાદ માંગણાની રકમ દિન-૧૫ માં ચુકવી આપેલ હોય તેવો કોઈ બચાવ હાલના કામે લેવામાં આવેલ નથી. જેથી આરોપી ધ્વારા કાયદાની કલમ-૨૫(૧)(ડી) ની જોગવાઈનું પાલન કરી દિન-૧૫ માં રકમ ચુકવી આપેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેવામાં આવે તો હાલના કામે ફરિયાદી ધ્વારા કાયદામાં જણાવ્યા મુજબની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરી હાલની ફરિયાદ દાખલ કરેલ હોવાનું ફલિત થાય છે.

(૯) હાલની ફરિયાદ ''અધિનિયમ'' ની કલમ-૨૫ અન્વયે દાખલ થયેલ છે. જેમાં અધિનિયમની કલમ-૨૫(૨) માં ફરિયાદીની તરફેણમાં કાનુની અનુમાન કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. જે અનુમાન અંગે ફરિયાદી ધ્વારા હોન્ડા એકટીવા ફાઈવ જી મેળવવા માટેની અરજીમાં આરોપીનાં ખાતામાંથી રકમ ડેબિટ કરવા માટે ફરિયાદી અરમાન ફાયનાન્સને અધિકૃત કરવામાં આવેલ છે અને તેમાં આરોપીની સહી હોવા અંગેની હકીકત સાબિત કરવામાં આવે તો જ આરોપી વિરૂધ્ધ કાયદાની કલમ-૨૫(૨)

મુજબ અનુમાન થઈ શકે અને તે બાદ તે અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી પર તબદીલ થાય છે અને જયાં સુધી તે અનુમાનનું ખંડન ન કરે ત્યાં સુધી આરોપીએ તે ગુનો આચરેલ હોવા અંગે કાયદાકીય અનુમાન કરવાનું છે.

પ્રસ્તુત કેસમાં જોવામાં આવે તો ફરિયાદી ધ્વારા આંક–૧૨ થી હોન્ડા એકટીવા ફાઈવ જી મેળવવા માટે કરેલ લોન એગ્રીમેન્ટની નકલ રજુ કરેલ છે. જેમાં આરોપીએ જાતે પોતાના ખાતામાંથી અરમાન ફાયનાન્સને રકમ ટ્રાન્સફર કરવા માટે અધિકૃત કરેલ છે તેમાં સહી છે. જેથી આ કામે રજુ થયેલ લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ આરોપી પોતે નિભાવતા હોવાનું તેમજ આરોપીની સહી હોવાની હકીકત ફરિયાદપક્ષ પ્રાથમિક દૃષ્ટિએ પુરવાર કરી શકેલ છે. જેથી ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન કરવું જરૂરી છે.

(૧૦) વધુમાં, ફરિયાદી ધ્વારા આંક–૧૩ થી લેજર એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ રજુ કરેલ છે, જેને આરોપીએ પડકારેલ નથી અને આંક–૧૨ થી રજુ હોન્ડા એકટીવા ફાઈવ જી લેવા માટે કરેલ લોન એગ્રીમેન્ટમાં આરોપીએ સહી કરેલ છે. જે સહી આરોપીની નથી તેવો કોઈ બચાવ આરોપીને ઉલટતપાસ માટે પુરતી તક આપેલ છે તેમ છતાં આરોપી તરફે લેવામાં આવેલ નથી તેમજ આંક–૧૩ થી રજુ થયેલ લેજર એકાઉન્ટ સ્ટેટમેન્ટને પણ આરોપી ધ્વારા અત્રેની અદાલતમાં હાજર થયેલ છે, પરંતુ તેને પડકારવામાં આવેલ નથી. ફરિયાદીએ તેઓના કેસ મુજબની હકીકતો જ તેમના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે અને આરોપીને પ્રસ્તુત કેસમાં પુરતી તક આપવા છતાં, આ દસ્તાવેજોને અત્રેની અદાલત સમક્ષ હાજર રહીને પડકારવામાં આવેલ નથી જેથી, આ તમામ દસ્તાવેજો નહિ માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી અને આ તમામ દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો ફરિયાદીના કેસને સંપૂર્ણપણે સમર્થન પ્રાપ્ત થાય છે.

(૧૧) ફરિયાદપક્ષે **મુદ્દા નં.૧** ની હકીકત આરોપી વિરૂધ્ધ પુરવાર કરેલ છે. જેથી આરોપીએ ''અધિનિયમ'' ની કલમ–૨૫(૧) મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું પુરવાર થયેલ છે. જેથી **મુદ્દા નં.૨** પરત્વે સજા અંગે આખરી હુકમ અંગે જોવામાં આવે તો આરોપી સામે આક્ષેપિત ગુનાની સજાકીય જોગવાઈ ધ્યાને લીધી. આરોપીએ ફરિયાદીને લોનના

હપ્તાની ચુકવણી માટે ઈસ્યુ કરેલ મેન્ડેન્ટ મુજબ રકમ ચુકવેલ ન હોય મેન્ડેન્ટ ધ્વારા સમગ્ર લોન વસુલવા માટે રજુ કરતાં તે ''બેલેન્સ ઈનસફીશીયન્ટ''ના કારણે પરત થયેલ છે અને તે બાદ રકમની માંગણી કરતાં આરોપીએ તેવી રકમની પરત ચુકવણી કરેલ નથી અને તેમ કરી આરોપીએ ફરિયાદીને આર્થિક નુકશાન પહોંચાડેલ છે. જે કારણોસર ફરિયાદીને આર્થિક સંકળામણ સહન કરવી પડેલ હોવાનું જણાઇ આવે છે. વધુમાં સમયસર રકમ નહી ચુકવવાથી ફરિયાદીને અંગત તેમજ સામાજીક વ્યવહારમાં અગવડ થયેલ હોવાનું માની શકાય તેમ છે. સમાજમાં ચેકો/હપ્તા રિટર્નના કેસોનું પ્રમાણ વધે છે. કાયદામાં જે ઉદ્દેશથી ચેક/ ઈ.સી.એસ. પેમેન્ટના વ્યવહારનો સમાવેશ કરવામાં આવેલ છે તે ઉદ્દેશ રિટર્ન થવાથી પરિપૂર્ણ થાય તેમ નથી. આરોપી સામે આર્થિક ગુનાનો આરોપ હોય તેમજ રેકર્ડ પરથી હકીકત ધ્યાને લેતાં આરોપીને સારી ચાલચલગત પર મુકત કરી શકાય તેમ નથી. જે તમામ હકીકત તેમજ હાલના કાયદાનો ઉદ્દેશ તેમજ સમાજમાં આવા પ્રકારના ગુનાઓ થતા અટકે તેમજ બહુજન સમાજનો આર્થિક વ્યવહારો પર વિશ્વાસ ટકી રહે તે જરૂરી છે. આરોપી સામેના ગુનાની સજાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો બે વર્ષ સુધીની સજાની જોગવાઈ કરેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ***H.Pukhraj Versus D.Parasmal, (2015) 17 SCC 368,*** ના ચુકાદામાં ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેની ટ્રાયલ ચલાવવામાં પસાર થયેલ સમય તેમજ ચેકની તારીખ ધ્યાને લેતાં વ્યાજ તથા ખર્ચનો હુકમ કરવા જરૂરી હોવા અંગે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં, આરોપીને કાયદામાં જણાવેલ પુરેપુરી સજા ન કરતાં એક (૦૧) વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોવાનું માને છે. **વધુમાં હાલના હુકમ સમયે એટલે કે સને ૨૦૨૫ સુધીમાં ફરિયાદીની બાકી લેણી રકમ અંગે જોવામાં આવે તો, ફરિયાદી તરફે તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ આંક–૨૪ થી પુરસીસ રજુ કરી આરોપીએ ફરિયાદી કંપનીમાં રૂા.૫૦,૦૦૦/– જમા કરાવેલ હોવાનું તથા ફરિયાદી કંપનીને રૂા.૨૨,૧૩૪/– આરોપી પાસેથી બાકી લેણાં નીકળતાં હોવાનું જણાવેલ છે. જેથી**

ફરિયાદીને આરોપી પાસે રૂ.૨૨,૧૩૪/- બાકી લેણાં નીકળતાં હોવાનું જણાઈ આવે છે. વધુમાં આરોપીએ ફરિયાદી પાસેથી લીધેલ લોન સુવિધાની રકમ સમયસર ન ચુકવતા ફરિયાદી કંપનીને તે વસુલ કરવા માટે કાયદાકીય પગલાં ભરવા પડેલ છે અને તે માટે ખર્ચ તથા ફરિયાદી કંપનીના અધિકારીઓનો સમય વ્યય થયેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના કામે ફરિયાદી કંપનીને વળતર ચુકવવા હુકમ કરવો જરૂરી છે. જે અંગે ફરિયાદીની બાકી રકમ તથા તે અંગે થયેલ ખર્ચ વિગરે હકીકતો ધ્યાને લેતાં રૂ.૨૨,૧૩૪/- ની રકમ મેન્ડેન્ટ ફોર્મ રીટર્ન થયા તારીખથી તે વસુલ આવે ત્યાં સુધી વ્યાજ સહિત વળતર તરીકે ચુકવવા હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આજરોજ આરોપી ગેરહાજર હોય, જેથી આરોપી તરફે કોઈ રજુઆત નથી.

(૧૨) આ તબકકે નામ.ગુજરાત હાઈકોર્ટનાં ***Sharad Jethalal Savla v. State of Gujarat 2017(3) GLH 146*** ના ચુકાદાનો પેરા નં.-૨૫ ધ્યાને લેવો જરૂરી છે.

> *25. However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.*
>
> ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં, અદાલત કોઈપણ પક્ષકારની ગેરહાજરીમાં જજમેન્ટ/ચુકાદો જાહેર કરી શકે છે. ક્રિ.પ્રો.કોડની કલમ-૩૫૩ થી અદાલતને આ સત્તા પ્રાપ્ત થાય છે. હાલનો કેસ મુલતવી રાખવા માટે રેકર્ડ ઉપર કોઈ વાજબી કારણ ઉપલબ્ધ નથી.

(૧૩) હાલનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. હાલનો કેસ ઘણો જુનો છે. આરોપીની ગેરહાજરીમાં ચૂકાદો જાહેર કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે.

''અધિનિયમ'' ની કલમ–૨૫ ધ્યાને લેતાં, આરોપીને સજા કરવામાં આવે તથા વળતર અપાવવાનો હુકમ કરવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે. જેથી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

–: આખરી હુકમ :–

(૧) આ કામના આરોપી : **દક્ષેપકુમાર દેવદત્તભાઈ ત્રિવેદી,** ઉ.વ.પુખ્ત, ધર્મે–હિન્દુ, ઠે.રામજી મંદીર ફળિયું, રાજપુર દરવાજા રોડ પાસે, બાલાસિનોર જિ.આણંદનાઓને ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ (૧) અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે આરોપી : **દક્ષેપકુમાર દેવદત્તભાઈ ત્રિવેદી,** ઉ.વ.પુખ્ત, ધર્મે–હિન્દુ, ઠે.રામજી મંદીર ફળિયું, રાજપુર દરવાજા રોડ પાસે, બાલાસિનોર જિ.આણંદનાઓને તકસીરવાન ઠરાવી **એક (૦૧) વર્ષની સાદી કેદની સજાનો** હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી : **દક્ષેપકુમાર દેવદત્તભાઈ ત્રિવેદી,** ઉ.વ.પુખ્ત, ધર્મે–હિન્દુ, ઠે.રામજી મંદીર ફળિયું, રાજપુર દરવાજા રોડ પાસે, બાલાસિનોર જિ.આણંદનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૫૭(૩) અન્વયે ફરિયાદીને ચેકની રકમ પૈકી બાકી નીકળતી લેણી રકમ **રૂા.૨૨,૧૩૪/– અંકે રૂપિયા બાવીસ હજાર એકસો ચોત્રીસ પુરા.** તા.૨૨/૦૯/૨૧ થી વાર્ષિક ૦૬ % લેખે સાદા વ્યાજ સહિતની તમામ રકમ વળતર તરીકે દિન–૬૦ માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ–૨ (બે) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર ન હોય, આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૧ લી માહે : ઓકટોમ્બર સને : ૨૦૨૫ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ	: અમદાવાદ	(હિતેશ તનસુખરાય ધોળકીયા)
તારીખ	: ૦૧/૧૦/૨૦૨૫	૩૭ માં, એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
		અમદાવાદ (શહેર), જી.જે.૦૧૨૪૩
		ને.ઈ.એકટ, કોર્ટ નં.૨૯